# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી
અમરેલી

બહુમાળી ભવન, બ્લોક- સી, રૂમ નં- ૧૧૦,૧૧૧, પ્રથમ માળ,

ફોન નં:- ૦૨૭૯૨-૨૨૩૬૩૦

E-mail :- amrelidso.ysca@gmail.com


પત્ર ક્રમાંક:-જરગઅ/૧૯૦૩ /૨૦૨૧-૨૨

તા.૧૩-૦૯-૨૦૨૧

પ્રતિ,

૧. આચાર્યશ્રી, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ, અમરેલી.

૨. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ, અમરેલી.

૩. બી.આર.સી.શ્રી./ સી.આર.સી. શ્રી તમામ.

૪. આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ

વિષય :-આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "મહાત્મા ગાંધી" વિષય પર ચિત્રસ્પર્ધા.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "મહાત્મા ગાંધી વિષય" પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. સ્પર્ધકે વધુમાં વધુ એક કૃતિ રજુ કરી શકશે. કૃતિની નીચે RENAME કરી સ્પર્ધકે કૃતિનું શીર્ષક અને સ્પર્ધકનું નામ ફરજીયાત દર્શાવવાનું રેહશે. આ કૃતિ લલિતકલા અકાદમીનાં ઈ-મેઈલ આઈડી gslka.independence@gmail.com પર તા.૧૫-૦૯-૨૦૨૧ સુધી નિયત ફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરીને ઓનલાઈન કૃતિ રજુ કરવાની રેહશે. અધુરી વિગતો કે કચેરીને રૂબરૂ/કુરીયર થી મોકલવામાં આવેલ ફોર્મ અને કૃતિ સ્પર્ધા માટે માન્ય ગણવામાં આવશે નહિ.

રાજ્યકક્ષાએ આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ.૭,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂ.૫,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૩,૦૦૦/- એમ ત્રણ ઇનામો આપવામાં આવશે.

બિડાણ: અરજીફોર્મ તથા નિયમો

જિલ્લા યુવા વિકાસ અધિકારી
જિલ્લા રમત ગમત કચેરી
અમરેલી

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

## રાજ્યકક્ષાની ચિત્રકલા સ્પર્ધા

## વિષય: મહાત્મા ગાંધી

| સ્પર્ધકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |
|---|

વિગતો ગુજરાતીમાં સુવાચ્ય લખવી.

કલાકારનું નામ (અટકથી શરૂ કરવું):- ..........................................................................................

NAME IN CAPITAL LETTERS:- ..........................................................................................

જન્મ તારીખ:-.......................................... મો. નં.....................................................

હાલનું સરનામું:-..........................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

ઈ-મેઈલ એડ્રેસ:-..............................................................................

| ક્રમ | કૃત્તિનું નામ | હરીફાઈ માટે છે કે નહિં |
|---|---|---|
| ૧ | | |

## બાંહેધરી

આથી હું બાંહેધરી આપું છું કે ઉક્ત સ્પર્ધામાં રજુ કરવામાં આવેલ કૃત્તિ એ મારી મૌલિક કૃત્તિ છે. આ અંગે કોઈ દાવો થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે તથા સ્પર્ધા અંગે પસંદગી સમિતિનો નિર્ણય મારા દ્વારા સ્વીકારવામાં આવશે. સ્પર્ધાના તમામ નિયમો મેં વાંચ્યા છે જે મને બંધનકર્તા રહેશે. જે હું બાંહેધરી આપું છું.

સ્પર્ધકની સહી:-.................................

સ્પર્ધકનું નામ:-.................................

# -: નિયમો :-

(૧) આ ચિત્રસ્પર્ધામાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત મહાત્મા ગાંધી વિષય આધારિત કૃતિ રજુ કરવાની રહેશે.

(૨) આ સ્પર્ધામાં ધો. ૧ થી ૧૨માં અભ્યાસ કરતા શાળાના બાળકો ભાગ લઈ શકશે.

(૩) આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ gslka.independence@gmail.com ઈ-મેઈલ એડ્રેસ પર આ કચેરી દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગતો ભરીને ઓનલાઈન કૃતિ રજુ કરવાની રહેશે. અધુરી વિગતો કે કચેરીને રૂબરૂ/કુરીયરથી મોકલવામાં આવેલ ફોર્મ અને કૃતિ સ્પર્ધા માટે માન્ય ગણવામાં આવશે નહીં.

(૪) સ્પર્ધક તા.૧૧/૦૯/૨૦૨૧ ના રોજ સવારે ૧૨.૦૦ કલાકેથી તા.૧૫/૦૯/૨૦૨૧ સુધી રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી ઓનલાઈન અરજી કરી શકશે. આ સમય પહેલાં કે ત્યારબાદ આવેલ અરજીઓ સ્પર્ધા માટે માન્ય ગણવામાં આવશે નહીં.

(૫) સ્પર્ધા માટે સ્પર્ધક વધુમાં વધુ એક(૧) કૃતિ રજુ કરી શકશે. તથા આ કૃતિ પેપર પર જ દોરેલી હોવી જોઈએ. કૃતિના નીચે રીનેઈમ કરી સ્પર્ધકે કૃતિનું શિર્ષક અને સ્પર્ધકનું નામ ફરજીયાત દર્શાવવાનું રહેશે. શિર્ષક સિવાયની કૃતિ સ્પર્ધા માટે અયોગ્ય ગણવામાં આવશે. તથા સ્પર્ધકે ફોર્મ અને પોતાની કૃતિઓ એકજ વાર ઉક્ત ઈ-મેઈલ એડ્રેસ પર મોકલી શકશે. સ્પર્ધકે કૃતિ રો અથવા જે.પી.જી. ફોર્મેટમાં મોકલવાની રહેશે.

(૬) ઓનલાઈન આવેલ કૃતિઓમાંથી જજીંગ કરાવીને ૧૦ કૃતિઓ પસંદ કરવામાં આવશે તથા તેની જાણ સ્પર્ધકને ઈ-મેઈલ દ્વારા કરવામાં આવશે. પસંદ કરવામાં આવેલ ૧૦ કૃતિઓની ઓરીજનલ કૃતિ જે-તે સ્પર્ધકે નિયત સમયમર્યાદામાં રૂબરૂ/ કુરિયરથી સ્વખર્ચે આ કચેરીને મોકલી આપવાની રહેશે, નિયત સમયમર્યાદામાં ન મળેલ કૃતિઓ સ્પર્ધા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહી

(૭) અકાદમી ખાતે મગાવેલ ૧૦ કૃતિઓનું જજીંગ કરાવીને તેમાંથી પ્રથમ, દ્વિતીય, અને તૃતીય એમ ત્રણ ઈનામ આપવામાં આવશે. સ્પર્ધા પૂર્ણ થયેથી ત્રણ ઈનામ વિજેતાની કૃતિઓની સંપુર્ણ માલિકી ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની રહેશે. બાકીની કૃતિઓ જે-તે સ્પર્ધકે સ્વ-ખર્ચે અકાદમી ખાતેથી પરત મેળવી લેવાની રહેશે.

(૮) ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતા શાળાના બાળકો દ્વારા સ્પર્ધા માટે રજુ કરવામાં આવનાર કૃતિનું માપ ૧૧"×૧૫" હોવુ જોઈએ. આ માપથી વધુ કે ઓછી હોય તેવી કૃતિ સ્પર્ધા માટે માન્ય ગણવામાં આવશે નહીં.

(૯) ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતા શાળાના બાળકો દ્વારા તૈયાર કરાયેલ કૃતિઓમાંથી શ્રેષ્ઠ ૩ વિજેતાઓની કૃતિઓ પસંદ કરી પ્રથમ વિજેતાને ઇનામ રૂ. ૭,૦૦૦/-, દ્વિતિય વિજેતાને ઇનામ રૂ. ૫,૦૦૦/-, તૃતિય વિજેતાને ઇનામ રૂ.૩,૦૦૦/- આપવામાં આવશે.

(૧૦) ચિત્ર શક્ય હોય તેટલું રંગીન બનાવવાનું રહેશે.

(૧૧) સ્પર્ધક દ્વારા તૈયાર કરવામાં આવેલ ચિત્ર સ્પર્ધકે પોતે તૈયાર કરેલ હોવું જોઈએ. સ્પર્ધા માટે ડિઝીટલ પેઈન્ટીંગ માન્ય ગણવામાં આવશે નહીં.

(૧૨) કોઈપણ સ્પષ્ટતા/કારણ આપ્યા વિના કોઈપણ એન્ટ્રીને ગેરલાયક ઠરાવવાનો અધિકાર ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીને રહેશે. તથા ન્યાયાધીશોનો નિર્ણય અંતિમ હશે અને ઇનામોના નિર્ણય પર અપીલ કરી શકાશે નહીં.

(૧૩) ફોર્મમાં દરેક સ્પર્ધકે હસ્તાક્ષર સાથે બાંહેધરી આપવાની રહેશે કે તેઓ ચિત્ર સ્પર્ધાના તમામ નિયમો અને શરતોનું પાલન કરવા સ્વૈચ્છિક રીતે સંમત છે. તથા કૃતિને લઈને ભવિષ્યમાં થતા કોઈપણ જાતના વિવાદ કે દાવાની જવાબદારી જે-તે કૃતિ રજુ કરનાર સ્પર્ધકની રહેશે.

(૧૪) નિયમો અને શરતોનો ભંગ કરનાર સ્પર્ધકને સ્પર્ધામાંથી ડીસ્ક્વાલિફાઈ કરવામાં આવશે.

(૧૫) કોઈ પણ પ્રકારની કાયદાકીય બાબતો માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.